પરોઢિયાના પરસેવાની જ્યાં પૂજા થાય છે.



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India | Dudhsagar The Pride of India

અંક - ૭ | વર્ષ - ૨ | જાન્યુઆરી - ૨૦૨૩ | www.dudhsagardairy.coop | twitter.com/dudhsagardairy | dudhsagardairyofficial | youtube.com/c/DudhsagardairyCoop

## નવા નિયામક મંડળ દ્વારા પશુપાલકો ઉપર સતત નવમી વાર દૂધના ખરીદભાવ વધારાનો

## ૨૦૨૩ ના નૂતનવર્ષની પ્રથમ પ્રભાતના સૂર્યોદયની સાથે દૂધના ભાવમાં ફરી ₹૨૦ નો વધારો



# દૂધાભિષેક

## ૧ જાન્યુઆરી : ૨૦૨૩ સુધી કુલ ૧૨૦ રૂા. ના કિલોફેટના ભાવવધારાથી દૂધસાગરના પશુપાલકોને વાર્ષિક અંદાજિત 500 કરોડ રૂપિયા થી વધુ મળશે

### આ સાથે મળેલો તથા મળનારો વાર્ષિક ભાવવધારો તો પશુપાલકોને અલગથી ફાયદો આપશે

જેના રગરગમાં વિકાસ વહે છે એને શાંત જળ કેમ ગમે ? નદી વહ્યા કરે છે - પવન વહ્યા કરે છે તો પછી વિકાસને વરેલો માણસ અથવા એનું વર્તુળ (ટીમ) કેવી રીતે શાંત અને અકર્મઠ રહી શકે ? અશોકભાઈ ભાવસંગભાઈ ચૌધરી અને તેમની નિયામક મંડળની સમગ્ર ટીમ એ આજકાલ દૂધસાગર ડેરીના વિકાસનું પર્યાયવાચી નામ છે !! દૂધસાગરની પ્રગતિ અને આ સંસ્થાનો સર્વાંગી વિકાસ એ આ નવા કેપ્ટનની નવી દૂધસાગર ટીમના શ્વાસોશ્વાસમાં સમાઈ ગયો છે.

દૂધસાગર પત્રિકાની જાન્યુઆરી - ૨૦૨૩ નો અંક આપના હાથમાં હશે ત્યારથી દૂધના ખરીદ ભાવમાં કરવામાં આવેલ સતત નવમી વખતનો ભાવવધારો દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં વસતા પશુપાલકોને મળતો થઈ ચૂક્યો હશે. ૧૫ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ આ સંસ્થાના નવા ચેરમેન સહિતના રખેવાળોએ જ્યારે દૂધસાગર ડેરીનો વહિવટ હાથમાં લીધો ત્યારે ચોતરફથી અનેક સમસ્યાઓ અને પડકારો તેમની સમક્ષ હતા. એક અર્થમાં કહો તો, આ લોકોએ કાંટાળો તાજ પોતાને માથે પહેર્યો હતો. પણ એમ હિંમત હારે તો લાખો લાખો પશુપાલકોએ મુકેલા વિશ્વાસનું શું ? અને શરૂ થઈ ... એક આરાધના !! એક તપસ્યા !! એક સંઘર્ષ !!

દૂધસાગરનું દેવું ઘટાડવામાં આવ્યું - ટર્નઓવર વધારવામાં આવ્યું - કર્મચારીઓને સંતોષ થાય તેવું નાના કર્મચારીઓને વળતર આપવામાં આવ્યું - પ્રથમ સાધારણ સભામાં સંસ્થાની શરૂઆતથી લઈ આજ સુધીનો સૌથી વધુ ૩૨૧ કરોડ રૂપિયાનો ઐતિહાસીક ભાવવધારો આપવામાં આવ્યો અને ૨૩ માસના શાસનમાં તબક્કાવાર ૧૨૦ રૂપિયા એટલે કે ૬૫૦ રૂપિયા થી ઉઠાવીને દૂધના ભાવોને રૂપિયા ૭૭૦ ની સપાટીએ લઈ જવામાં આવ્યા !! આ બધુ શક્ય કેમ બન્યું ? દૂધસાગર પત્રિકાના આ સવાલના જવાબમાં દૂધસાગરના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી સાહેબ હસતાં હસતાં બોલ્યા : ઈશ્વરના આર્શીવાદ - મારા સાથી સભ્યો નો સહકાર - અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત - કરકસર અને પારદર્શીતા અને સૌથી મોટો પશુપાલકોએ અમારા ઉપર મુકેલ વિશ્વાસ એજ આ સફળતા છે.


(વિતેલા દશ વર્ષમાં થયેલા દૂધના ભાવોની ચડ - ઉતર માટે જુઓ પેજ.નં:2)

# વિતેલા નવ વર્ષના દૂધના ખરીદ ભાવ વધારાની તવારીખ

**(એક મૂલ્યાંકન દૂધસાગરના સૂશાસનનું )**

| તારીખ | દૂધનો ખરીદભાવ |
|---|---|
| 1 માર્ચ 2015 | 520 |
| 21 માર્ચ 2015 | 550 |
| 11 મે 2015 | 580 |
| 1 ઓક્ટોબર 2015 | 590 |
| 1 જાન્યુઆરી 2016 | 500 |
| 1 માર્ચ 2016 | 525 |
| 1 એપ્રિલ 2016 | 550 |
| 1 મે 2016 | 575 |
| 21 જૂન 2016 | 600 |
| 1 સપ્ટેમ્બર 2016 | 575 |
| 1 ડિસેમ્બર 2016 | 550 |
| 1 ફેબ્રુઆરી 2017 | 575 |
| 1 માર્ચ 2017 | 600 |
| 1 એપ્રિલ 2017 | 625 |
| 1 મે 2017 | 650 |
| 1 જૂલાઈ 2017 | 625 |
| 1 ઓગષ્ટ 2017 | 600 |
| 11 માર્ચ 2018 | 625 |
| 1 ઓગષ્ટ 2018 | 600 |
| 1 સપ્ટેમ્બર 2018 | 575 |
| 1 ઓક્ટોબર 2018 | 550 |
| 1 નવેમ્બર 2018 | 525 આ ભાવે દૂધસાગરના કાર્યક્ષેત્રમાં પશુપાલનનો વ્યવસાય તૂટી ચૂક્યો હતો |
| 11 ફેબ્રુઆરી 2019 | 550 |
| 1 એપ્રિલ 2019 | 575 |
| 11 જૂન 2019 | 600 |
| 1 જાન્યુઆરી 2020 | 625 |
| 11 માર્ચ 2020 | 650 |
| 1 માર્ચ 2021 | 670 શ્રી. અશોકભાઈ ચૌધરી નિયામક મંડળના સૂશાસનની શરૂઆત |
| 11 જૂલાઈ 2021 | 680 |
| 1 માર્ચ 2022 | 700 |
| 21 મે 2022 | 710 |
| 21 જૂન 2022 | 720 |
| 21 ઓગષ્ટ 2022 | 730 |
| 21 ઓક્ટોબર 2022 | 740 |
| 11 નવેમ્બર 2022 | 750 |
| 1 જાન્યુઆરી 2023 | 770 |

# શિયાળાની સમી સાંજે હવે આપણી દૂધસાગર પંખીઓ અને બાળકોના ટહૂકાથી મહેંકી ઉઠે છે !!



મહેસાણાની ઓળખ એટલે દૂધસાગર ડેરી ! આ ઓળખમાં હવે, જેમ સોનામાં સુગંધ ભળે તેમ ભળી ગઇ છે આપણી સ્વ. મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ !! દૂધસાગરની લીલોતરી એતો જાણે ઈશ્વરનો સાક્ષાત આર્શિવાદ છે આપણી સંસ્થા ઉપર ... પણ હવે, દૂધ અને દૂધની બનાવટોથી વિશ્વ વિખ્યાત થયેલી દૂધસાગર ડેરી શિયાળાની સમી સાંજે એક દર્શનીય સ્થળ બની જાય છે. અહીંના ફેક્ટરી વિભાગના આગળના ભાગે આવેલ વિશાળ બગીચામાં લીલાછમ ઝાડ, રંગબેરંગી પુષ્પો અને તેમાં રમતાં સૈનિકોના ડ્રેસ પહેરેલાં બાળકો સમગ્ર વાતાવરણને આલહાદ્ક બનાવી મૂકે છે. વિતેલા એક વર્ષથી શરૂ થયેલી આ સાગર સૈનિક સ્કૂલ જેમ સમાજને ખૂશહાલ અને તંદુરસ્ત બનાવે છે તેવી રીતે નવી પેઢીને પણ નવા મૂલ્યો અને નવા ઉજાસ તરફ લઈ જતી હોય તેવા વાતાવરણને નજરે જોવું હોય તો આવો એક ગુલાબી ઠંડીની સાંજે ફુલ ગુલાબી દૂધસાગર ડેરીને જોવા !!

# દૂધસાગરની MIDFT કોલેજે GSIRF ના રેન્કીંગમાં 4 STAR રેન્કીંગ પ્રાપ્ત કરી




ગુજરાતની પ્રતિષ્ઠીત કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન મહેસાણાની માનસિંહભાઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેરી ટેક્નોલોજી કોલેજ દ્વારા પોતાની શૈક્ષણિક પ્રણાલિકાના મૂલ્યો વર્ષાથી જાળવી રાખ્યા છે. દૂધસાગર ડેરીના ઉત્તમ સંશાધનો અને વિદ્વાન પ્રોફેસરોની કાર્યપધ્ધતિના કારણે આજે આ કોલેજની પ્રતિષ્ઠા દિનબદિન વધી રહી છે. તાજેતરમાં ગુજરાતની બધી એન્જિનીયરીંગ કોલેજોમાં MIDFT એ સતત બીજા વર્ષ દરમ્યાન એટલે કે ૨૦૨૦-૨૧ અને હવે ૨૦૨૧-૨૨ માં ગુજરાત સ્ટેટ ઈન્સ્ટીટ્યુટ રેન્કીંગ ફ્રેમવર્ક (GSIRF) દ્વારા ફોર સ્ટાર રેન્કીંગ થી MIDFT ને સન્માનિત કરવામાં આવી હતી.

## સારૂ અને સાચું કરવાની ઈચ્છાશક્તિ હોય તો કચરામાંથી કંચન પેદા થાય છે

દર્પણ પાસે શૃંગાર નથી હોતો

# દૂધસાગરની માટીના પણ થયા મોલ



**દૂધસાગરની તમામ ચીજવસ્તુઓ ઉપર પશુપાલક સભાસદનો પ્રથમ હક છે આ હક આપીને આપણે કોઈ નવાઈ નથી કરતા (ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી)**

**દૂધસાગર સંસ્થા દ્વારા બગીચામાં ઉગતા આંબળાં થોડાક સમય અગાઉ વેચીને આવક ઉભી કરવામાં આવી હતી. હવે, ચીકુ પણ વેચાણથી આપવામાં આવશે**

**પાવડર પ્લાન્ટ નિર્માણ સમયે મળેલી માટીમાંથી ૨૫ હજાર મેટ્રીકટન માટી પ્રતિટન ૬૫ રૂપિયાના ભાવે ટેન્ડર પ્રક્રિયાથી વેચવામાં આવી**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. માં આશરે બે વર્ષ અગાઉ પશુપાલક સભાસદોનો વિશ્વાસ સંપાદન કરી સંસ્થાના વર્તમાન ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરીએ પોતાના ૧૩ સભ્યો સાથે સત્તાના સૂત્રો હાંસલ કર્યા હતા. શાસનના પ્રથમ દિવસથી જ પશુપાલકોને કરકસર અને પારદર્શીતા સભર વહિવટ આપવાનું નવા સત્તાધીશોએ વચન આપ્યું હતું અને આજે શત પ્રતિશત એ વચનોનું પાલન થઈ રહ્યું છે.

દૂધસાગર ડેરીની એક લાખ રૂપિયા ઉપરની તમામ ખરીદીઓ ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયાથી કરવામાં આવતી હોવાથી હવે, દૂધસાગરમાં વચોટીયા દલાલો અને કમીશન એજન્ટો માટે કોઈ સ્થાન રહ્યું નથી. એટલું જ નહીં, પાવડર પ્લાન્ટ હોય કે U.H.T પ્લાન્ટ હોય તથા આ પ્લાન્ટ અંગેના બાંધકામના સિવીલ ટેન્ડરની મસમોટી કરોડો રૂપિયાની ખરીદી પણ ચેરમેનશ્રીએ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગમાં જે તે કામના દાવેદારોને રૂબરૂ બોલાવી સમગ્ર મીટીંગ વચ્ચે કરકસર કરી કામની વહેંચણી કરી હોવાથી આ ચાલુ વર્ષમાં દૂધસાગર સંસ્થાને કરોડો રૂપિયાનો ફાયદો થવા પામ્યો છે. જેની નોંધ ગુજરાતની તમામ મોટી સહકારી સંસ્થાઓ અને પ્રધાનમંત્રીશ્રી સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારોએ લીધી છે.

થોડાક સમય અગાઉ ; દૂધસાગર ડેરી મહેસાણાના ઓફિસ બિલ્ડીંગ પાછળ આવેલી ચીકુવાડીમાં કુદરતી રીતે ઉગતા આંબળા અને ચીકુ કે જે આજ પહેલાં કોઈ ઉપયોગ વિના બગડી જવા પામતા હતા તેને પણ દૂધસાગર ડેરી સંચાલિત પ્રાકૃતિક ચીજ વસ્તુઓનું વેચાણ કરતી સાગરફ્રેશ રીટેલ શોપ સાથે કરાર કરી તેનું વેચાણ કરવામાં આવતાં વહિવટનું એક ઉત્તમ ઉદાહરણ તથા જીણવટભરેલી નજરનું ખૂબસુરત દ્રશ્ય સભાસદો સમક્ષ પ્રગટ થવા પામ્યું હતું.

તાજેતરમાં મહેસાણાની દૂધસાગર ડેરીમાં સાધારણ સભાના આદેશ અનુસાર નવીન પાવડર અને U.H.T પ્લાન્ટના અત્યાધૂનિક મકાનોનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. આ નિર્માણ કામમાં બેજમેન્ટ તૈયાર થવાના પ્રથમ તબક્કે ખોદાણ કામ દરમ્યાન આશરે ૪૦ હજાર મેટ્રીક ટન માટી સંસ્થાને પ્રાપ્ત થતાં જરૂરીયાત સીવાયની ૨૫ હજાર મેટ્રીક ટન માટીને ટેન્ડર પ્રક્રિયાથી વેચાણમાં મુકવામાં આવી હતી. આપણી સંસ્થા સમક્ષ આ માટી વેચાણ પહેલાં સૌથી મોટી સમસ્યા એ હતી કે આ માટીને બહાર મોકલવા પ્રતિટન સંસ્થાને માથે રૂા.૧૭ નો બોજ પડતો હતો. વહિવટીય સૂઝબુઝ અને કંઈક સારૂ કરવાની ઉત્તમ ભાવનાના પરિણામ સ્વરૂપ માટી વેચાણની ટેન્ડર પ્રક્રિયાને અંતે સંસ્થાને પ્રતિ મેટ્રીક ટન રૂા.૬૫ ના ભાવથી ખરીદનાર પાર્ટી મળવાથી સંસ્થા અગાઉના રૂા.૧૭ ના ખર્ચ અને સરકારી રોયલ્ટી તથા અન્ય ખર્ચના રૂા.૪૫ નો પ્રતિટન ખર્ચ બાદ કરતાં રૂા.૨૦ નો પ્રતિ મેટ્રીક ટને માટી વેચાણથી એમ કુલ રૂા.૩૭ નો ફાયદો મેળવવામાં સફળ રહેવા પામી છે.

દૂધસાગર ડેરી સાથે જોડાયેલા લાખો પશુપાલકો અને દૂધસાગર પત્રિકાના વાંચકોને આ આંબળા કે ચીકુના વેચાણ અંગેની અમારા તરફથી મૂકાતી માહિતી નાની અથવા સૂક્ષ્મ લાગતી હશે પરંતુ જ્યારે એક સંસ્થા સાચા હાથોમાં ટ્રસ્ટીપણાના સાક્ષી ભાવથી ચાલતી હોય ત્યારે આવી નાની બાબતો પણ મોટા મોટા નિર્માણ અને સંઘોનું સુવર્ણ ભવિષ્ય નિશ્ચિંત કરતી હોય છે. સ્વ.મોતીબાપુના આ શબ્દો સાથે હાલતો માટી વેચાણથી દૂધસાગર આ સત્યને પૂરવાર કરી રહી છે.

## MIDFT ના બે વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ યુનિવર્સિટી વોલીબોલ ટીમમાં સામેલ




મહેસાણા દૂધસાગર ડેરી સંચાલિત MIDFT કોલેજના બે પ્રતિભાવાન વિદ્યાર્થીઓ (૧) યશ દિલીપભાઈ ચૌધરી અને (૨) જૈમિન રમેશભાઈ ચૌધરીની વોલીબોલ ટીમમાં યુનિવર્સિટી કક્ષાએ પસંદગી થવા પામી છે. આ વિદ્યાર્થીઓના વોલીબોલ રમત કૌશલ્યને ધ્યાનમાં લેતાં તેઓ આ રમતક્ષેત્રે ભવિષ્યમાં ઉજળી કારકિર્દીનું નિર્માણ કરશે તેઓ આશાવાદ MIDFT ના આચાર્યશ્રી. શુક્લા સાહેબે દૂધસાગર પત્રિકા સમક્ષ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ; આ બંને વિદ્યાર્થીઓની યુનિવર્સિટીની વોલીબોલ ટીમમાં સમાવેશ થતાં તેઓ હાલમાં નાંદેડ (મહારાષ્ટ્ર) ખાતે આયોજીત વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી વોલીબોલ ટૂર્નામેન્ટમાં પોતાનું કૌશલ્ય બતાવી રહ્યા છે.

# M.R સાગર સૈનિક સ્કૂલના બાળકોએ કરી ઉત્તરગુજરાત સાથે ઓળખાણ










ગત તારીખ 5 ડિસેમ્બરના રોજ મહેસાણા દૂધસાગર ડેરીના કેમ્પસમાં શ્રી.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલના બાળકો વહેલી સવારે ખુશખુશહાલ જોવા મળી રહ્યા હતા. કારણ સ્પષ્ટ હતું : આજે તેઓ ઉત્તર ગુજરાતને ઓળખવા નિકળ્યા હતા !! સાગર સૈનિક સ્કૂલ એ આજની તારીખે ચીલાચાલુ શિક્ષણથી દૂર જીવન ઘડતર અને ઉમદા આશયો સાથે નિતીમત્તા અને આવનાર ભવિષ્યમાં દેશ માટે સર્વસ્વ સમર્પિત કરી દેવાની શિક્ષણ પ્રણાલિકા પૂરી પાડતી સંસ્થાન છે. વર્ગખંડ અને તેની બારી બહાર દેખાતી દૂનિયા બંને સાથે દોસ્તી કરવાનું નામ એટલે દૂધસાગર ડેરી સંચાલિત સાગર સૈનિક સ્કૂલ !! 5 ડિસેમ્બરની વહેલી સવારે આ બાળકો ઉત્તર ગુજરાતના પ્રાચીન ગણી શકાય તેવા સ્થળોની મૂલાકાત માટે નિષ્ણાત શિક્ષકોની છત્રછાયા નીચે જઈ રહ્યા હતા. તેઓએ પોતાના પ્રવાસની શરૂઆત પુષ્પાવતી નદીના કિનારે વસેલ પ્રાચીન ઐઠોર ગામના રેણું માટીમાંથી બનેલા ગણપતિદાદાના દર્શનથી પ્રારંભ કરી. ત્યાંથી, તેઓ સિધ્ધભૂમિ સિધ્ધપુર ખાતે પવિત્ર સરસ્વતી નદીના કિનારે સદીઓનો ભવ્ય ભૂતકાળ પોતાના પથ્થરોમાં સમાવીને ઉભેલા રૂદ્રમહાલયની મૂલાકાતે પહોચ્યા. વિશ્વભરમાં માતૃ તર્પણ માટે પ્રસિધ્ધ સિધ્ધપુર શહેરના ઐતિહાસીક વારસાની બાળકોને જાણકારી આપવામાં આવી. સિધ્ધપુર ખાતે સરસ્વતી નદીની પવિત્ર માટીમાં બાળકોએ ભોજન લીધુ અને ત્યાંથી તેઓ એક સમયના સમગ્ર ગુજરાતના પાટનગર અને પટોળા નગરી પાટણ તરફ આગળ વધ્યા. અહીં વર્લ્ડહેરિટેજ રાણકી વાવ જોઈને બાળકો અચંબિત બની ગયા. સદીઓ પહેલાં કોઈ રાણીએ પોતાના પ્રજાજનોની પાણીની સમસ્યા દૂર કરવા આટલા હદે ભગીરથ કાર્યકરી શિલ્પસ્થાપત્ય સાથેની ભવ્ય વાવ બનાવીએ જાણી બાળકોને પોતાના ભવ્ય ભારત માટે ગૌરવની લાગણી અનુભવાઈ. ત્યારબાદ, આખા વિશ્વમાં પ્રખ્યાત અને જેના નામે ગુજરાતની સંસ્કૃતિમાં અનેક લોકગીતો રચાયા છે તેવા પટોળા - આ પટોળાનું વિશેષ નિર્માણ - આ પટોળાની મોંઘી કિંમત અંગેની સમગ્ર સમજ માટે પટોળા હાઉસની મૂલાકાતે લઈ જવામાં આવ્યા. અને પછી, સાગર સૈનિક સ્કૂલના બાળકો પહોંચ્યા મોઢેરા સૂર્ય મંદિર ખાતે !! હમણાં જ જેને વર્લ્ડ હેરિટેજ સ્થાનકમાં જગ્યા મળી છે એ સૂર્ય મંદિર અને તેનો સમગ્ર ઇતિહાસ, નિર્માણ કાર્ય, તેની કોતરણી કામમાં રહેલી વિશેષતાઓને જીણવટ પૂર્વક સમજાવવામાં આવી. સમી સાંજે ત્યાં શરૂ કરવામાં આવેલા લાઈટ અને સાઉન્ડ શો ને જોઈ બાળકોમાં હરખની હેલી પ્રસરી ઉઠી. આમ, સમગ્ર દિવસ દરમ્યાન બાળકોએ ઉત્તર ગુજરાતની ઐતિહાસીક સાંસ્કૃતિક વારસાના સાનિધ્યમાં એક અર્થમાં ઉત્તર ગુજરાતની ઓળખ મેળવી પોતાના અનુભવોને - પોતાની ભાષામાં કાગળમાં ટપકાવી અનુભવોની એક ઉમદા ડાયરી કરી અને મહેસાણા દૂધસાગર ડેરી તરફ “ધરતીનો છેડો ઘર” એ ન્યાયે વાટ પકડી !!

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ડિરેક્ટરશ્રી

# સરદારભાઈ હવે ગુજરાત સરકારમાં સામેલ




દૂધસાગર ડેરીના વર્તમાન નિયામક મંડળના સદસ્ય અને આ સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી દ્વારા સ્થાપીત કરકસર અને પારદર્શીતાની વહિવટીય પ્રણાલીમાં પડછાયાની જેમ જોડાયેલા શ્રી. સરદારભાઈ શામળભાઈ ચૌધરી તાજેતરની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ખેરાલુ વિસ્તારમાં ભાજપના ઉમેદવાર તરીકે ભવ્ય રીતે વિજય પામ્યા જેની ખુશી દૂધસાગર ડેરીના કણેકણ અને રજેરજમાં વ્યાપ્ત થયેલી અનુભવાઈ રહી છે. દૂધસાગર ડેરીના ડિરેક્ટરશ્રી. સરદારભાઈ ચૌધરી B.E એન્જિનીયર ની ડીગ્રી ધરાવે છે અને વ્યવસાયે તેઓ બિલ્ડર-ડેવલોપર્સ અને એક શિક્ષીત પ્રગતિશીલ ખેડૂત છે કે જેમણે ; શૂન્યમાંથી સર્જન કર્યુ છે. તેઓ ઈ.સ.૧૯૯૯ થી ભારતીય જનતા પાર્ટીના વિવિધ હોદ્દાઓ ઉપર પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેમાં, કિસાન મોરચો- અને યુવા મોરચાના પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રી તરીકેની ભૂમિકાઓ નિભાવી છે. ઈ.સ.૨૦૧૨ માં તેઓએ શ્રી અર્બુદા ક્રેડીટ સોસાયટીના પ્રમુખ તરીકે ઉત્તમ કામગીરી નિભાવી હતી. તેમણે ખેરાલુ ખાતે પોતાના પિતાશ્રી શામળભાઈ ડોસાભાઈ ચૌધરીના નામે બી.એસ.સી સાયન્સની કોલેજ પણ સ્થાપિત કરી શૈક્ષણિક યજ્ઞનો આરંભ કર્યા છે. તેઓ ખેરાલુ તાલુકા કોલેજના આજીવન ટ્રસ્ટી અને હાલમાં મહામંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં સરદારભાઈ જણાવી રહ્યા છે કે, એક ધારાસભ્ય તરીકે પોતાના વિસ્તારના પાણી સહિતની વિવિધ સમસ્યાઓનો ઉકેલ તેમની પ્રાથમિકતા રહેશે તેમજ તેઓ મહેસાણા દૂધસાગર સંઘ સાથે જોડાયેલા હોઈ તેમના તથા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતા પશુપાલકોના તથા સહકારી ડેરી ઉદ્યોગોને સરકારની તમામ યોજનાઓનો લાભ મળે તથા સમયને અનુરૂપ દૂધ વ્યવસાયની ઉન્નતી અને પ્રગતિ થાય તે માટેની યોજનાઓ અંગે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સુધી પોતાની વાત પહોંચાડવાનો અને તેના અમલીકરણનો પ્રયાસ કરશે. શ્રી સરદારભાઈ ચૌધરીએ અમારી સાથેની વાતચીતમાં જણાવ્યું કે ; વિતેલા બે વર્ષોમાં દૂધ સાગર ડેરીના ડિરેક્ટર તરીકે વહિવટીય અનુભવનો તથા દૂધસાગરના વર્તમાન ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરીની કાર્યપધ્ધતિ અને કુશળ કાર્યદક્ષતા તેમજ જાહેર જીવનમાં રાખવી પડતી સાધન શુધ્ધિ તથા પવિત્રતા અને ટ્રસ્ટીપણાનો ભાવ અને અનુભવ તેમને નજીકથી જાણવા મળ્યો હોવાથી સરકારમાં એક ધારાસભ્ય તરીકે સામેલ થયા પછી આ અનુભવ તેમણે ત્યાં પણ ખૂબ કામ આવશે. તેઓએ પોતાની ચૂંટણીમાં ચેરમેનશ્રી સહિત નિયામક મંડળના સભ્યોએ જે સક્રિય મદદ કરી તે માટે આભારની લાગણી પ્રગટ કરી છે.

**સાગર મંથન**

અશ્વિન વી. ચૌધરી

## જળવાયુ પરિવર્તનના દૂષણ સામે દૂધસાગર ડેરી ની સજ્જતા



આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની અસરોથી આફતોમાં ફસાયેલું છે. ડિસેમ્બર પુરો થયો તો પણ હજી ઠંડીનો અનુભવ ઓછો છે. ઉનાળામાં ગરમી માજા મુકે છે. ચોમાસું અનિયમીત હોય છે. બારેમાસ પાણી રહેતું હોય તેવી યુરોપની નદીઓ પણ આ વખતે સુકાઈ ગઈ અને ક્યાંક દૂષ્કાળ તો ક્યાંક ઘૂઘવતા પૂર જોવા મળે છે. કાળા માથાના માનવીની લાલચ અને પ્રગતિની આંધળી દોટથી કુદરત જાણે નારાજ થઈ છે. ગ્લોબલ વોર્મિંગ- જળ વાયુ પરિવર્તન - હવા પરિવર્તન એ માનવજાત અને જીવસૃષ્ટિ માટે અભિશાપ છે. જો હવે તાત્કાલિક કોઈ પગલાં નહીં ભરવામાં આવે તો ૨૧ મી સદીના અંત સુધીમાં પૃથ્વીના તાપમાનમાં ૩.૮ થી ૪.૫ સે.નો વધારો થશે અને કેટલાક દેશો માનવ જીવન માટે દોજખરૂપ બની જશે.

જળવાયુ પરિવર્તન એ માત્ર આવતીકાલ માટે જ પડકાર નથી પણ આજનું અનિષ્ટ છે ! આપણે સૌએ સહિયારા પ્રયત્નો કરી તેનો મુકાબલો કરવો પડશે. દૂધસાગર ડેરી પણ પોતાની સામાજિક જવાબદારીમાંથી પાછી પાની કેમ કરે ? આ દિશામાં દૂધસાગર ડેરીએ અનેક પ્રકલ્પો ઉપર પોતાનું કામ શરૂ કર્યુ છે. જેમ કે ; (૧) જીનેટીક ઈમ્પ્રુવમેન્ટ : પશુઓમાં ઓછા પશુ દ્વારા વધુ દૂધ મેળવવું જેથી ઓછા પશુઓ થાય અને ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ઓછું થાય અને સેક્સડ સિમેન ડોઝથી ઉત્તમ અને ઓછા પશુઓ પણ વધુ દૂધ ઉત્પાદન અને પ્રદુષણ ઓછું કરી શકાય (૨) એનર્જી મેનેજમેન્ટ : વિજળી એ મહત્વનું પરિબળ છે. પણ તેમાં સોલાર પાવરનો ઉપયોગ કરી પ્રદુષણ ઘટાડવું (3) ગ્રીન બેલ્ટ : ઓછા પાણીથી ઉત્તમ બગીચા અને ઝાડનું પ્લાન્ટમાં સ્થાપન કરવું (૪) ફીડીંગ મેનેજમેન્ટ : દાણ અને લીલા ઘાસચારા માટે પશુપાલકોમાં જાગૃતિ લાવી દૂધ ઉત્પાદન ક્ષમતા વધારી મીથેન ગેસનું ઉત્સર્જન રોકવું (૫) હાઈ એફીસીયન્ટ પ્લાન્ટ : ઓછા બળતણ ખર્ચ ઉપર વધુ ઉત્પાદન માટે આધુનિક મશીનરી સાથેના પ્લાન્ટ ઉભા કરવા (૬) અનીમલ હેલ્થ ઈમ્પ્રુવમેન્ટ : રોગ મુક્ત પશુઓ, ઝડપી રોગ નિદાન અને વેક્સિનેશન ઉપર કામ ઝડપથી આગળ વધારવું (૭) મેન્યોર મેનેજમેન્ટ : ગોબરમાંથી બાયોગેસ પ્લાન્ટ અને તેવા નવા આયામો અપનાવવાનો પ્રયાસ દૂધસાગર તેજ ગતિએ આગળ વધારી રહી છે.

*દૂધસાગરના ડૉક્ટરની ડાયરી*



# ૧૨ થી ૧૫ લિટરથી વધુ દૂધ આપતા જાનવર માટે અમૃત આહાર એટલે બાયપાસ પ્રોટીન

એક સાચા પશુપાલક માટે પોતાના દૂધાળાં જાનવર એ પરિવારના સદસ્ય જેવા હોય છે. આ જાનવરોના પાલન પોષણમાં એક પશુપાલકનો સમગ્ર દિવસ જતો હોય છે ત્યારે પોતાના જીવથી વ્હાલા આ પશુઓને સમયસર - સમજણ પૂર્વક - ચોક્કસ વૈજ્ઞાનિક આહાર આપવામાં આવે તો ઓછા ખર્ચે ઉત્તમ ફળ પ્રાપ્ત થાય તેમાં કોઈ નવાઈ નથી ! આજે આપણે વાત કરી રહ્યા છીએ બાયપાસ પ્રોટીન (પ્રોટેક્ટેડ પ્રોટીન) અંગેની ... નામ પરથી જ આપણને ખ્યાલ આવી જાય કે આ આહારનું સીધુ પાચન કોઈ ચોક્કસ બાયપાસ પધ્ધતિથી થતું હશે. સાચી વાત છે : વૈજ્ઞાનિક અભિગમથી તૈયાર કરવામાં આવેલ આ પ્રોટેક્ટેડ પ્રોટીન આહાર પશુના રૂમેન (પહેલાનાં પેટ) ની જગ્યાએ સાચા જઠર (એબોમેઝમ) અને આંતરડામાં ઉત્સેચકીય પાચન થવાથી તેમાંથી છૂટા પડતાં એમીનો એસીડ સાચા જઠર અને આંતરડામાં શોષાતા હોવાથી પશુના શરીના ઘસારા, વિકાસ અને દૂધ ઉત્પાદન માટે આ આહાર વાસ્તવમાં અમૃતમય ગણાય છે.

બાયપાસ પ્રોટીન એટલે : ખોરાકમાં રહેલા કેટલાક પ્રોટીન તત્વો પ્રથમ જઠર (રૂમેન) માં વિઘટન થવાને બદલે ત્યાંથી પસાર થઈ સાચા જઠર (એબોમેઝમ) અને આંતરડામાં વિઘટન થાય છે આવા પ્રોટીનને બાયપાસ પ્રોટીન કહેવામાં આવે છે.

બાયપાસ પ્રોટીનની જરૂરીયાત : (૧) જ્યારે પશુનું દૂધ ઉત્પાદન ૧૨ થી ૧૫ લિટર કરતાં વધુ હોય ત્યારે તેને જરૂરથી ઉપયોગમાં લેવું જોઈએ (૨) ઝડપથી વિકાસ પામતાં વાછરડાં - અને - પાડીયાઓને આ ખોરાક જરૂરથી આપવો જોઈએ (૩) જે પશુઓને હલકી કક્ષાનો ઘાસચારો મળતો હોય તે પશુઓને આ ખોરાક આપવાથી ઉત્તમ ખોરાકનો પર્યાય બનાવી શકાય છે.

બાયપાસ પ્રોટીન આપવાની રીત : પશુના જુદા જુદા શારીરિક તબક્કા પ્રમાણે પશુ આહારમાં પ્રોટીનનું પ્રમાણ ૧૪ થી ૨૦ ટકા જેટલું રાખવું અને પશુની કુલ પ્રોટીનની જરૂરીયાતના ઓછામાં ઓછું ૪૦ ટકા જેટલું પ્રોટીન પશુને બાયપાસ પ્રોટીન સ્વરૂપે મળે તે જરૂરી છે. જ્યારે બાયપાસ પ્રોટીન ઉપલબ્ધ ન હોય ત્યારે કપાસીયા, ખોળ, કોપરાનો ખોળ, રાઈસબ્રાન, ફીસ મીલ, મીટ મીલ, મેઈઝ ગ્લુટન વગેરેમાં બાયપાસ પ્રોટીન વધારે હોવાથી આ પ્રકારનો ખોરાક પશુ આહારમાં આપવો જોઈએ.

બાયપાસ પ્રોટીન આપવાથી પશુપાલકોને મળતા ફાયદા : (૧) આ ખોરાકથી વધુ દૂધ આપતાં જાનવરો તેથી પણ વધુ દૂધ ઉત્પાદન વધારે આપવા સક્ષમ બને છે (૨) પશુઓનો સરેરાશ વૃદ્ધિદર વધવા પામે છે (૩) દૂધની ગુણવત્તા ખૂબ સુધરવા પામે છે તથા દૂધના ફેટ અને પ્રોટીનના ટકામાં વધારો થતાં SNF જળવાઈ રહે છે (૪) આ ખોરાકથી પશુની પ્રથમ વિયાણની ઉંમર ઘટે છે.

આમ, બાયપાસ પ્રોટીન એ જાગૃત પશુપાલક માટે પોતાના સમૃધ્ધ પશુઓ માટે સંજીવની સમાન છે. જે પાવડર સ્વરૂપમાં દરેક મેડીકલ સ્ટોરમાં ઉપલબ્ધ હોય છે.


# ગર્ભપ્રત્યારોપણ (એમ્બ્રીઓ ટ્રાન્સફર) અંગે દૂધસાગર હવે એક્શન મોડમાં ...



મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં પશુધન સમૃધ્ધ બને અને વધુમાં વધુ દૂધાળાં જાનવરની સંખ્યા વધે તથા દૂધના ઉત્પાદનમાં ધરખમ વધારો થાય અને સાચા અર્થમાં દૂધસાગર પોતાના સાગર જેવા વિશાળ નામને સાર્થક કરે તેવા સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરી ના સ્વપ્નને સાકાર કરવા સમગ્ર દૂધસાગર ડેરીની જવાબદાર ટીમ એક્શન મોડમાં આવી ચૂકી છે.

તાજેતરમાં, તા.૨૧ ડિસેમ્બરના રોજ સતલાસણા તાલુકાના ઉમરેચા ગામે દૂધસાગર ડેરી સંચાલિત ગર્ભપ્રત્યારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ખેરાલુ વિસ્તારના ડિરેક્ટર અને ધારાસભ્ય શ્રી.સરદારભાઈ ચૌધરી અને દૂધસાગર ડેરીના કર્મવીર MD શ્રી. ધીરજકુમારની સાથે સી.એસ વિભાગના હેડ ફાલ્ગુન ચૌધરી તથા વેટરનરી વિભાગના ડૉ.આર.બી. પટેલ તથા પી.એ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત પશુપાલકોને નિષ્ણાતો દ્વારા ગર્ભપ્રત્યારોપણ અંગે જાગૃત થવા તથા આ પધ્ધતિના ઉપયોગથી ભવિષ્યમાં થનારા અગણિત ફાયદાઓ વિશે સમજ આપવામાં આવી હતી. ઉમરેચા ગામની સાથે આજુબાજુના ૧૧ ગામોમાં સફળ ગર્ભપ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. આ વૈજ્ઞાનિક પધ્ધતિથી આગામી સમયમાં દૂધના ક્ષેત્રમાં દૂધસાગર ડેરીનો તમામ વિસ્તાર સમૃધ્ધ બનશે તેવો આશાવાદ ડિરેક્ટર તથા ધારાસભ્ય શ્રી. સરદારભાઈ ચૌધરીએ વ્યક્ત કર્યો હતો.

# 2022 વિધાનસભા ચૂંટણીમાં ચૂંટાયેલા
# સહકારી ક્ષેત્રના દિગ્ગજોને દૂધસાગર અભિનંદન



**શ્રી. શંકરભાઈ ચૌધરી (થરાદ) :** તેઓ બનાસડેરીના સફળ ચેરમેન તરીકે પોતાને પૂરવાર કરી ચૂક્યા છે. ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેન્કના વાઈસ ચેરમેન છે તથા અગાઉ બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના ચેરમેન પદે રહી ચૂક્યા છે.



**શ્રી. ઋષિકેશભાઈ પટેલ (વિસનગર):** તેઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, વિસનગર ના ચેરમેન તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપી ચૂક્યા છે. નવીન સરકારમાં તેઓ આરોગ્ય મંત્રી બન્યા છે અને અનેક પડકારો વચ્ચે વિસનગર બેઠક પરથી સતત ચોથી વાર ચૂંટાયા છે.



**શ્રી. સરદારભાઈ ચૌધરી (ખેરાલુ) :** તેઓ હાલમાં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે. અગાઉ તેઓ અર્બુદા ક્રેડીટ સોસાયટીના ચેરમેન રહી ચૂક્યા છે અને કિસાન સંઘ સાથે જોડાયેલા છે.



**શ્રી. જગદીશભાઈ વિશ્વકર્મા :** તેઓ અગાઉની ગુજરાત સરકારમાં સહકાર મંત્રી તરીકે જવાબદારી નિભાવતા હતા અને નવીન રચાયેલી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં પણ તેઓને ફરીથી એજ સહકાર વિભાગ સોંપવામાં આવેલો છે.



**શ્રી. જેઠાભાઈ ભરવાડ (શહેરા) :** તેઓ પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (પંચામૃત ડેરી) ના ચેરમેન છે. જિલ્લા સહકારી બેન્કમાં ઉપપ્રમુખ રહી ચૂક્યા છે. GCMF ના ઉપપ્રમુખ તરીકે પણ ચૂંટાયા હતા. તેઓ વિધાનસભામાં સતત પાંચમી વાર ચૂંટાઈ આવ્યા છે.



**શ્રી. બળવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) :** તેઓ પાટણ જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ સાથે સ્થાપના કાળથી જોડાયેલા છે. GMDC ના ચેરમેન પદે રહી ચૂક્યા છે. વિધાનસભામાં ત્રીજીવાર ચૂંટાઈ આવેલ છે અને નવી સરકારમાં તેમને મંત્રીપદ પ્રાપ્ત થયેલ છે.



**શ્રી. જયેશભાઈ રાદડિયા (જેતપુર) :** તેઓ રાજકોટ જિલ્લા સહકારી બેન્કના ચેરમેન છે. એ સિવાય તેઓ અનેક સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમના પિતા વિઠ્ઠલભાઈ રાદડિયાનું સહકારી ક્ષેત્રમાં મોટું નામ હતું. જયેશભાઈ રાજ્ય સરકારમાં મંત્રી તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે.



**શ્રી. રાઘવજીભાઈ પટેલ (જામનગર ગ્રામ્ય) :** તેઓ હાલમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી હાપા (જામનગર)ના ચેરમેન છે. અન્ય સ્થાનિક સહકારી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે. રાજ્ય સરકારમાં કૃષિમંત્રી તરીકે પસંગ પામ્યા છે. સતત સાતમીવાર ધારાસભ્ય બન્યા છે.



**શ્રી. ઈશ્વરભાઈ પટેલ (અંકલેશ્વર) :** તેઓ પંડવાઈ ખાંડ સહકારી ઉદ્યોગના પ્રમુખ છે. ગુજરાત રાજ્ય ખાંડ સહકારી ઉદ્યોગ સંઘના પ્રમુખપદ નિભાવી ચૂક્યા છે. રાજ્ય સરકારમાં તેઓ સહકાર મંત્રી તરીકે અગાઉ સેવાઓ આપી ચૂક્યા છે અને પાંચમીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.



**શ્રી. બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ) :** તેઓ વર્ષો સુધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, અમદાવાદના પ્રમુખપદે રહેલા છે. ગુજરાત નિયંત્રિત બજાર સંઘના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી છે. તેઓ પાંચમીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલ છે.



**શ્રી. કનૈયાલાલ કિશોરી (દાહોદ) :** તેઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, દાહોદના ચેરમેન છે. આ સાથે તેઓ સ્થાનિક અનેક સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે.



**શ્રી. અરૂણસિંહ રાણા (વાગરા) :** તેઓ ભરૂચ જિલ્લા સહકારી બેન્કના ચેરમેન છે અને ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેન્કના ડિરેક્ટર છે. આ સિવાય તેઓ અનેક સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.



**શ્રી. સંદિપભાઈ દેસાઈ (ચોર્યાસી) :** તેઓ સુરત જિલ્લા સહકારી બેન્કના વાઈસ ચેરમેન છે અને બીજી સ્થાનિક દક્ષિણ ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓ આ વખતે પ્રથમવાર વિધાનસભા ચૂંટણી લડ્યા અને જીત્યા છે.



**શ્રી. કૌશિકભાઈ જૈન (દરિયાપુર) :** તેઓ અમદાવાદ સહકારી નાગરિક બેન્કના ચેરમેન છે. નાગરિક સહકારી બેન્કના પ્રતિનિધીઓ વિધાનસભામાં ઓછા છે તેઓ તે પૈકી એક છે. અઘરી ગણાતી દરિયાપુરની બેઠક આ ચૂંટણીમાં તેમણે જીતી બતાડી છે.




**શ્રી. ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) :** તેઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, તલોદના ચેરમેન છે. સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કમાં ડિરેક્ટર પણ છે. અગાઉ રાજ્ય સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. તેઓ બીજીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.



**શ્રી. યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) :** તેઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, ઠાસરાના પ્રમુખ તરીકે હાલમાં સેવાઓ આપી રહ્યા છે. સહકારના સંસ્કાર તેમને ગળથૂથીમાં મળેલ છે. તેમના પિતા રામસિંહભાઈ પરમાર અમૂલ ડેરીના ચેરમેન છે.



**શ્રી. કૌશિકભાઈ વેકરિયા (અમરેલી) :** તેઓ દેવરાજિયા ગામની સેવા સહકારી મંડળી અને દૂધસહકારી મંડળીના પ્રમુખ છે. ગુજરાત સ્ટેટ કો. ઓપ. હાઉસીંગ ફાઈનાન્સ કોર્પોરેશનમાં ડિરેક્ટર છે અને અમરેલી જિલ્લા સહકારી બેન્કના નિવૃત કર્મચારી છે.



**શ્રી. ભીખુસિંહ પરમાર (મોડાસા) :** તેઓ સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં ડિરેક્ટર છે. તેઓ પ્રથમવાર વિધાનસભામાં ચૂંટાઈ આવેલ છે અને રાજ્ય સરકારમાં આ વખતે અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગના મંત્રી બનેલ છે.



**શ્રી. અરવિંદભાઈ રાણા (સુરત પૂર્વ) :** તેઓ નવાનગર અર્બન કો.ઓપ. ક્રેડિટ સોસાયટીના ચેરમેન છે. ક્રેડિટ સોસાયટીઓના પ્રતિનિધિઓ વિધાનસભામાં પહોંચ્યા હોય એવુ ભાગ્યે જ બન્યુ છે. તેઓ સતત ત્રીજી વાર ધારાસભ્ય પદે ચૂંટાઈ આવેલા છે.



**શ્રી. કિરીટસિંહ ડાભી (ધોળકા) :** તેઓ ધોળકા તાલુકાની સિંધરેજ સેવા સહકારી મંડળીના પ્રમુખ છે. અમદાવાદ જિલ્લા સહકારી બેન્કમાં મેનેજર તરીકે અગાઉ સેવાઓ આપી ચૂક્યા છે અને આ વખતે પ્રથમવાર વિધાનસભામાં ચૂંટાયેલા છે.



**શ્રી. મુકેશભાઈ પટેલ (ઓલપાડ) :** તેઓ સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓપ. બેન્કમાં ડિરેક્ટર છે અને આ સાથે બીજી સ્થાનિક સહકારી અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. વિધાનસભામાં તેઓ ત્રીજી વાર ચૂંટાયેલ છે અને નવી સરકારમાં મંત્રી પણ બનેલ છે.



**શ્રી. કાળુભાઈ રાઠોડ (ઊના) :** તેઓ ઊનાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપવા ઉપરાંત અહીંની અનેક સહકારી સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને વિધાનસભામાં બીજી વાર લોકપ્રતિનિધીત્વ કરી રહ્યા છે.



**શ્રી. ભગવાનભાઈ બારડ (તલાલા) :** તેઓ ખાંડ સહકારી ઉદ્યોગ સહિત સોમનાથ જિલ્લાની અનેક સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને સહકારી ક્ષેત્ર સાથે જોડાવાની સાથે સાથે ત્રીજીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે.



**શ્રી. માવજીભાઈ દેસાઈ (ધાનેરા) :** તેઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, ડીસાના ચેરમેન છે. અગાઉ બનાસડેરીના વાઈસ ચેરમેન તરીકે ચૂંટાયા છે. મૂળ ભાજપની વિચારધારા ધરાવતા તેઓ વર્તમાન ચૂંટણીમાં અપક્ષ તરીકે વિજેતા બન્યા છે.

**8** આપને ખબર છે : દૂધસાગરમાં રોજ લાખ લિટર પાણીનું શુધ્ધિકરણ થાય છે

# દૂધના દરિયાનું પાણીદાર આયોજન



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. એ ઉત્તર ગુજરાતના મહેસાણા-પાટણ અને ગાંધીનગર જિલ્લાના આશરે ૧૫૦૦ થી વધુ દૂધ મંડળીઓ અને છ લાખ પશુપાલકો સાથે જોડાયેલી એક એવી સહકારી સંસ્થા છે જેની નોંધ દેશની સાથે આજે દુનિયામાં લેવાય છે. દૂધ અને દૂધની બનાવટો માટે અમૂલ ફેડરેશન સાથે સંકળાયેલા આ સંઘ દ્વારા તમામ સરકારી ધારા ધોરણોનો સુપેરે અમલ કરવામાં આવે છે અને તેના જ એક ભાગરૂપે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમ પ્રમાણે મહેસાણા દૂધસાગર ડેરીના કેમ્પસમાં આજે દૈનિક 20 લાખ લિટર વપરાશ યુક્ત પાણીને શુધ્ધિકરણ કરવાનો પ્લાન્ટ ધમધમી રહ્યો છે જેને આપણે E.T.P (એફ્લુંઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) તરીકે ઓળખીએ છીએ.

આ પ્લાન્ટ દૂધસાગર ડેરીના જુદા-જુદા દૂધ ઉત્પાદન વિભાગમાંથી અંદાજિત ૧૬ થી ૧૭ લાખ લિટર દૂધની બનાવટોની ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન ઉદ્‌ભવતા ગંદા પાણીના શુધ્ધિકરણનું કામ કરે છે. દૂધસાગરના દૂધ પ્રોસેસિંગ વિભાગ, માખણ વિભાગ, ઘી વિભાગ અને અન્ય એકમોમાંથી આવતા ગંદા પાણીને સૌ પ્રથમ ઓઈલ / ફેટ નીકળવાના યુનિટમાં લેવામાં આવે છે. જેમાંથી ફેટની ચીકાશવાળા ગંદાપાણીને અલગ કરી પંપ દ્વારા એક મોટા વિશાળ કંટેનરમાં એકત્ર કરવામાં આવે છે. ત્યારબાદ, તેને એક નિશ્ચિત તાપમાને હેઠળ ગરમ કરવામાં આવે છે અને તેમાંથી બે પ્રકારની બાયો પ્રોડક્ટ પ્રાપ્ત થાય છે. જેમાંથી, એક પ્રોડક્ટને કપડાં ધોવાના સાબુ બનાવતી ફેક્ટરીઓને ધારાધોરણ અનુસાર વેચાણથી આપવામાં આવે છે. પાણી શુધ્ધિકરણની આ પ્રક્રિયા બાદ વધેલા ગંદા પાણીને કલેક્શન ટેન્ક તરફ લઈ જવામાં આવે છે અને આ કલેક્શન ટેન્કમાં ફેટ સીવાય આવતા ગંદા પાણીનું પણ અન્ય વિભાગોમાંથી સીધા સંગ્રહમાં લેવામાં આવે છે. અહીં એક મશીન પ્રક્રિયા દ્વારા પાણીને સતત ગોળાકાર ગુમાવીને પાણીમાંથી સ્લજ દૂર કરવાના મશીન યુનિટ તરફ ધકેલવામાં આવે છે. અહીં આર્ધુનિક મશીન દ્વારા સ્લજ (દૂધનો કચરો) દૂર કરી તેને સ્લજ બેડમાં નાખવામાં આવે છે અને ત્યાં સુકાઈ ગયા બાદ સ્લજ એક પ્રકારનું ઉત્તમ ખાતર બની જાય છે અને તેનો ડેરીના ખેતરોમાં ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

અહીં વધેલા ગંદા પાણીને એરેસન ટેન્કમાં પહોંચાડવામાં આવે છે. જ્યાં બેક્ટેરીયાના એક્ટીવેશન માટે ઓક્સિજન પુરો પાડવામાં આવે છે જે આર્ધુનિક એરેટર મશીન દ્વારા હવામાં રહેલ ઓક્સિજનને ખેંચી ગંદાપાણીને ઓક્સિજનયુક્ત કરે છે આ પ્રક્રિયા દરમ્યાન દૂધસાગર ડેરીમાં પ્રતિદીન ૩ હજાર યુનિટ વિજળીનો વપરાશ થાય છે ત્યારબાદ, આ બેક્ટેરીયા વાળા ગંદા પાણીને ક્લેરીફાયરમાં લેવામાં આવે છે. જ્યાં બેક્ટેરીયા નીચે બેસી જાય ત્યારે પંપ દ્વારા તેને ફરીથી એરેસન ટેન્કમાં લેવામાં આવે છે. અહીં, શુધ્ધ થઈને ઓવર ફ્લો થતાં પાણીને બેલેન્સ ટાંકામાં ભરી ચોખ્ખા થયેલા પાણીને દૂધસાગર ડેરીના બગીચાઓમાં પંપ દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે. દૂધસાગરના લીલાછમ બગીચાઓનું એક રહસ્ય આ પ્લાન્ટમાં પણ રહેલું છે !!

## || દૂધસાગર વંદના ||



સ્વ.હીરાબેન દામોદરદાસ મોદી

જૂન ૧૮, ૧૯૨૩ થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૨

પૃથ્વીના ખોળામાં નરેન્દ્રભાઈ જેવા યુગપુરુષ આપનારી માં ને કોટી-કોટી વંદન

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (દૂધસાગર ડેરી) વતી છ લાખ પશુપાલકોની શ્રધ્ધાંજલિ**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા